ઓકટ્રોય નાબૂદી અન્વયે ગ્રામ
પંચાયતો ને વળતર/સહાય ચૂકવવા
બાબત.

ગુજરાત સરકાર,
પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃનપક/૩૫૯૮/૫૦૭૪/પાર્ટ-૨/ચ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ ૨૪/૫/૨૦૦૧.

<u>વંચાણે લીધા ક્રમાંકઃ-</u>

(૧) પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના વટહુકમ ક્રમાંકઃ૪/૨૦૦૧ તા.૩૦.૪.૨૦૦૧.

(૨) નાણાં વિભાગના મેમોરેન્ડમ ક્રમાંકઃસીએનએફ/૧૧૦૧/૮૪/ક, તા.૨૪.૫.૨૦૦૧

<u>ઠરાવ :</u>

ઉપર વંચાણે લીધેલ ક્રમાંકઃ૧ ના વટહુકમથી રાજયની ગ્રામ પંચાયતો દ્વારા ઉઘરાવવાની ઓકટ્રોય નાબૂદ કરવામાં આવી છે. ઓકટ્રોય નાબૂદીના પરિણામે અગાઉ ઓકટ્રોય ઉઘરાવતી ગ્રામ પંચાયતોને થનાર નુકશાન સામે વળતર તરીકે ચુકવવા તથા અગાઉ ઓકટ્રોય નહી ઉઘરાવતી ગ્રામ પંચાયતોને પણ આવરી લેવા સને ૨૦૦૧-૨૦૦૨ ના નાણાંકીય વર્ષના મે,જુન,જુલાઇ તથા ઓગષ્ટ એમ ચાર માસ માટે કુલ રૂા.૧૩,૬૭,૦૦,૦૦૦/-(અંકે રુપિયા તેર કરોડ સડસઠ લાખ પુરા) ની પેશગી રાજયના આકસ્મિક નિધિ માંથી નાણા વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમાંકઃ૨ના મેમોરેન્ડમ થી મંજુર કરવામાં આવી છે. ઉકત રકમ માંથી રૂા.૯,૬૭,૦૦,૦૦૦/-(અંકે રુપિયા નવ કરોડ સડસઠ લાખ પુરા) અગાઉ ઓકટ્રોય ઉઘરાવતી ગ્રામ પંચાયતોને તથા રૂા.૪,૦૦,૦૦,૦૦૦/- (અંકે રુપિયા ચાર કરોડ પુરા) અગાઉ ઓકટ્રોય નહીં ઉઘરાવતી ગ્રામ પંચાયતોને ફાળવવાના છે. આ મુજબની ફાળવણી કરવા ઉકત રૂા.૧૩,૬૭,૦૦,૦૦૦/-(અંકે રુપિયા તેર કરોડ સડસઠ લાખ પુરા)ની રકમ વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજયના હવાલે મુકવામાં આવે છે.

આ રકમમાંથી થનાર સમગ્ર ખર્ચ આકસ્મિક નિધિના મુખ્ય સદર ૮૦૦૦- ખાતે જ ઉધારાય તેની ચોકસાઇ તમામ સંબંધિતોએ રાખવાની રહેશે,તથા આ અંગેના દરેક બિલ/વાઉચરો ઉપર સ્પષ્ટ રીતે લાલ શાહીથી "આકસ્મિક નિધિ" શબ્દો લખવાના રહેશે તે ઉપરાંત આ રકમમાંથી ખર્ચ થાય કે તુરતજ સબંધિત એકાઉન્ટન્ટ જનરલની કચેરી ખાતે હિસાબ મેળ કરી નિયત નમૂનામાં તેની વિગતો પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ મારફતે નાણાં વિભાગને રજૂ થાય તેની તમામ વ્યવસ્થા વિકાસ કમિશ્નરશ્રીએ કરવાની રહેશે.

આ પેશગી સરભર કરવા માટે પૂરક માંગણીની દરખાસ્ત નીચે મુજબના બજેટ સદરે વિકાસ કમિશ્નરશ્રીએ વિભાગને મોકલવાની રહેશે.

ગ્રાંટ નંબર : ૭૨ (મતપાત્ર) (આયોજન)
મુખ્ય સદર :- ૩૬૦૪ - સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તથા પંચાયતી રાજ સંસ્થાઓને વળતર તથા સોંપણી

પેટા મુખ્ય સદર :- -
ગૌણ સદર :- ૨૦૦ - અન્ય પરચુરણ વળતર તથા સોંપણી
પેટા સદર :- (૬) ઓકટ્રોય નાબૂદીના કારણે પંચાયતોને વળતર તથા એકસગ્રેસીયા (હવે ખોલવાનું)

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તારીખ:૨૩.૫.૨૦૦૧ ની મળેલ સંમતિથી રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( અ.ભા.ધોળકિયા )
ગુજરાત સરકારના સંયુકત સચિવ,
પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ.

પ્રતિ,
- વિકાસ કમિશ્નરશ્રી,ગુજરાત રાજ્ય,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- નાણાં વિભાગ/ક-શાખા
- નાણાં વિભાગ-ક શાખા (પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિ. નું સબંધિત ગ્રુપ)
- પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ/ બજેટ શાખા
- એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત રાજકોટ/ અમદાવાદ નાં.વિ.ના તા.૨૪.૫.૨૦૦૧ ના મેમોરેન્ડમ તથા તે સાથેના બિડાણો (આકસ્મિક નિધિમાંથી પેશગી માટેની નિયત નમૂનામાં આ વિભાગની અરજી(ફોર્મ-એ (નિયમ-૨) તથા ફોર્મ એ-૧( નિયમ-૨) ચાર નકલોમાં) સાથે.
- શાખા સીલેકટ ફાઇલ
- નાયબ સેકશન અધિકારી સી.ફા.